# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2025-26/026 Dt. 01/07/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના SGCCI બિઝનેસ કનેકટ દ્વારા 'SBC એવોર્ડ ફંકશન' યોજાયું

### ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ SBCના સભ્યોને ટેક્ષ્ટાઇલ ગૃપ બનાવવા હાંકલ કરી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના SGCCI બિઝનેસ કનેકટ દ્વારા શનિવાર, તા. ૨૮ જૂન, ૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ કલાકે રોયલ કિચન, સુરત ખાતે SBC એવોર્ડ ફંકશન અને તેની સાથે ટેલેન્ટ શો યોજાયો હતો. એસબીસીના ચેરપર્સન શ્રીમતી સ્નેહાબેન જરીવાલાના અધ્યક્ષપદે યોજાયેલી મિટીંગમાં એસબીસીના સભ્યો અને તેમના પરિવારજનો મળીને કુલ ૧૦૦થી વધુ મિત્રોએ હાજરી આપી હતી.

આ મિટીંગમાં એસબીસીના ચેરપર્સન શ્રીમતી સ્નેહાબેન જરીવાલાએ સર્વેને આવકારી એવોર્ડ ફંકશનની શરૂઆત કરી હતી. જેમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ગૃપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલા તથા કમિટીના એડવાઇઝરો શ્રી તપન જરીવાલા અને શ્રી ચિરાગ દેસાઇએ ખાસ હાજરી આપી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ચેમ્બરના સભ્યોને એસજીસીસીઆઇ બિઝનેસ કનેકટ પ્લેટફોર્મના માધ્યમથી વધુમાં વધુ બિઝનેસ મળી શકે તે માટે ગૃપો વધારવા હાંકલ કરી હતી. ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ પણ એસબીસીના સભ્યોને સંબોધી બિઝનેસમાં આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા.

SGCCI બિઝનેસ કનેકટના ચેરપર્સન શ્રીમતી સ્નેહાબેન જરીવાલાએ વર્ષ ૨૦૨૪–૨૫માં એસબીસી દ્વારા કરાયેલી વિવિધ પ્રવૃત્તિઓની ઝાંખી વર્ણવી હતી. આ ઉપરાંત તેમણે ચેરમેનશ્રી દ્વારા યોજાયેલી ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ અને જુદા જુદા એસોસીએસનો સાથે થયેલી પાર્ટનરશીપ મિટીંગોની પણ પ્રશંસા કરી હતી. ત્યારબાદ એવોર્ડ ફંકશનની શરૂઆત કરવામાં આવી હતી.

એવોર્ડ ફંકશનમાં મોસ્ટ એક્ટિવ પાવર ટીમ એવોર્ડ, આઉટ સ્ટેન્ડિંગ પાવર ટીમ કેપ્ટન એવોર્ડ, આઉટ સ્ટેન્ડિંગ પાવર ટીમ વાઇસ કેપ્ટન એવોર્ડ, હાઈએસ્ટ બિઝનેસ ગીવર એવોર્ડ, હાઈએસ્ટ રેફરલ એવોર્ડ, હાઈએસ્ટ ફેસ ટુ ફેસ એવોર્ડ, હાઈએસ્ટ અટેન્ડન્સ ઇન ૧.૦ મિટીંગ્સ એવોર્ડ, હાઈએસ્ટ અટેન્ડન્સ ઇન ૨.૦ મિટીંગ્સ એવોર્ડ, પ્રેઝેન્ટ્સ એપ્રિસિએશન ટુ વેલ્યુએબલ સપોર્ટ ફોર ૨૦૨૪–૨૫ એવોર્ડ આપવામાં આવ્યા હતા.

એસબીસીના ચેરપર્સન શ્રીમતી સ્નેહાબેન જરીવાલાએ વર્ષ ૨૦૨૫–૨૬ના નવા ચેરમેન શ્રી ચંદ્રકાંત પ્રજાપતિનો પરિચય આપ્યો હતો. નવા ચેરમેન શ્રી ચંદ્રકાંત પ્રજાપતિએ વર્ષ ૨૦૨૫–૨૬નું તેમનું વિઝન, નવી ટીમનો પરિચય અને હવે પછી આવનારી બે મિટીંગોની માહિતી આપી હતી.

SGCCI બિઝનેસ કનેકટના સભ્ય શ્રી વિશાલ બક્ષીએ એવોર્ડ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. જ્યારે અન્ય સભ્યો સુશ્રી પિન્કી દેસાઇ અને શ્રી અજિતસિંહ સોહેલે એવોર્ડ સમારોહનું સંચાલન કર્યું હતું. SGCCI બિઝનેસ કનેકટના એડવાઇઝર શ્રી તપન જરીવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર માની એવોર્ડ સમારોહનું સમાપન કર્યું હતું.